ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૧૧.૨ ડીગ્રી
ભેજ
સવારે ૪૦ ટકા ● સાંજે ૩૨ ટકા

# શહેરના વાતાવરણમાં ફરી આવ્યો પલટો....!!

## આકાશમાં વાદળો ઉમટી આવતા કમૌસમી વરસાદની ભીતિ : બેવડી ઋતુના માહોલમાં મૌસમી બિમારીઓમાં વધારો : લઘુત્તમ તાપમાન ૧૧.૨ ડિગ્રી સે. : ખેડૂતો ચિંતાતુર બન્યા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરમાં ફરી એકવાર વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે અને એક તબક્કે શહેરીજનોને ઉનાળાનું આગમન થઈ ગયું હોવનો અહેસાસ થઈ રહ્યો હતો તેને બદલે હવે માવઠાની ભીતિ સતાવી રહી છે. આ સાથે વાતાવરણમાં આકાશી વાદળો છવાતા બેવડી ઋતુ અનુભવાઈ રહી હોવાથી શહેરીજનો વિવિધ પ્રકારની મૌસમી બિમારીઓના ભોગ પણ બની રહ્યા છે. આજે શહેરમાં લઘુત્તમ તાપમાન ૧૧.૨ ડિગ્રી સે. નોંધાયું હતું જયારે મહત્તમ તાપમાન ૩૪.૫ ડિગ્રી અનુભવાયું હતું. વાતાવરણમાં સવારે ભેજનું પ્રમાણ જે ૪૦ ટકા હતું તે સાંજ સુધીમાં ઘટીને ૩૨ ટકા નોંધાયું હતું.

ઉત્તર ભારતમાં ખાસ કરીને દિલ્હી તથા તેની આસપાસના વિસ્તારોમાં કમોસમી વરસાદ સાથે બરફના કરા પડવા સાથે મૌસમમાં ગજબ પલ્ટો જોવા મળી રહ્યો છે. મૌસમની બદલાયેલી ફિતરતનો અનુભવ ગુજરાતના પાટનગરવાસીઓને પણ થવા પામી રહ્યો છે. મૌસમની બદલાયેલી ફિતરતનો અનુભવ ગુજરાતના પાટનગરવાસીઓને પણ થવા પામી રહ્યો છે. શિયાળાની ઠંડીથી કંટાળેલા અને ઉનાળાના આગમનને વધાવવા થનગની રહેલા શહેરીજનો ફરીથી વાતાવરણમાં ફેલાયેલી ઠંડકના કારણે પરેશાન જણાઈ રહ્યા છે. પાટનગરના આકાશમાં વાદળોની નોંધપાત્ર હાજરી જોવા મળી રહી છે જેને કારણે કમૌસમી વરસાદની ભીતિ સર્જાવા પામી છે. વાદળછાયા વાતાવરણને પગલે જિલ્લાના ખેડૂત વર્ગમાં તો ચિંતાનું વાતાવરણ જોવા મળે જ છે પરંતુ કેરી રસિયા નગરજનો પણ ચિંતિત બન્યા છે.





વાદળોની હાજરીને કારણે શહેરમાં ઠંડકનું વાતાવરણ સર્જાયું છે. જેના પગલે ફરી એકવાર મચ્છર જેવા રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ વધ્યો છે તેમજ શરદી, તાવ, ખાંસી, શરીર તુટવું માથાનો દુઃખાવો, ઝાડા ઉલ્ટી જેવી બીમારીઓના દર્દીઓ દવાખાનામાં મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. વળી મહત્તમ તાપમાન પણ ૩૪.૫ ડિગ્રી જેટલું હોવાથી લઘુત્તમ અને મહત્તમ તામપાનમાં ૨૩ ડિગ્રી જેટલો મોટો ગાળો સર્જાયો છે જેથી શહેરીજનોના શરીરને વાતાવરણ સાથે અનુકૂલન સાધવું મુશ્કેલ પડી રહ્યું છે. શહેરમાં બાળકોમાં આંખો આવવાના કિસ્સા પણ જોવા મળી રહ્યા છે.

# આજે ઈસરોના ઈજનેરી વૈજ્ઞાનિક રમેશભાઈ પંડયાનું પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા.૨

રૂદ્રાભિષેક મંડળ તથા ગાયત્રી પરિવાર દ્વારા તા. ૩ માર્ચ, ૨૦૧૯ના રોજ બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન ગાયત્રી શકિતપીઠ ખાતે ઈસરોના ઈજનેરી વૈજ્ઞાનિક રમેશભાઈ પંડયા દ્વારા આધ્યાત્મિક અને ભૌતિક વિજ્ઞાનની સહયાત્રા અને યજ્ઞ વિજ્ઞાન આ બે વિષય અંગે વાર્તાલાપ કરવામાં આવશે. સંસ્થા દ્વારા શહેરના રસ ધરાવતા નાગરિકોને સમયસર ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# આજે ઈ-બાઈક રેલી યોજાશે

ગાંધીનગર, તા.૨

હાલમાં જયારે પેટ્રોલના ભાવમાં ધરખમ વધારો થઈ રહ્યો છે ત્યારે ગાંધીનગર સ્થિત ટુનવાલ ઈ વ્હિકલ કંપની દ્વારા ઈલેકટ્રીક વાહન બનાવવામાં આવી રહ્યા છે. ગ્રીન સીટીનું બિરૂદ મેળવી ચુકેલ ગાંધીનગરમાં આજે સવારે ૭ વાગ્યાથી સે-૨૬ જીઆઈડીસી ખાતે ઈ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વાતાવરણને પ્રદુષણ મુકત કરવા અને જનજાગૃતિ ફેલાવવા સાથે ઈલેકટ્રીક બાઈકના ઉપયોગ અંગે જન જાગૃતિ ફેલાવવા માટેનો છે. રેલીમાં ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર દેવેન્દ્રસિંહ ચાવડા અને ગેઝીયાના પ્રેસિડન્ટ સમીરભાઈ ત્રવેદી હાજર રહેશે. રેલીમાં ભાગ લેનાર તમામને પ્રમાણપત્ર અને ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ કરાવવામાં આવશે. કંપની દ્વારા શહેરના તમામ નાગરિકને રેલીમાં ભાગ લેવા જણાવાયું છે.

# પ્રતિક મોલની સામે વેગન-આર કારની ટક્કરે વૃધ્ધ મહિલાનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર-અમદાવાદ માર્ગ સતત વાહનોથી ધમધમતો રહે છે. રોકેટ ગતિએ વાહનો હંકારતા વાહન માલિકો ગમે ત્યારે અકસ્માત સર્જે છે. ત્યારે ગાંધીનગર-કોબા માર્ગ પર પ્રતિક મોલની સામે ગત્ રોજ સાંજના સુમારે વેગનઆર કારના ચાલકે વૃધ્ધ મહિલાને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં વૃધ્ધ મહિલાને માથાના ભાગે તેમજ શરીરે નાની મોટી ઈજાઓ પહોંચી હતી. અકસ્માતમાં ઘાયલ વૃધ્ધાને ૧૦૮ મારફતે તાત્કાલીક ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા, જયા સારવાર દરમિયાન વૃધ્ધાનું મોત નિપજયું હતું. આ બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે મૃતક વૃધ્ધાના દિકરાની ફરીયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૪ ડી પ્લોટ નં. ૯૯૫-૨ ખાતે વૃધ્ધા નંદુબેન મોતીગીરી ગોસ્વામી પરિવાર સાથે વસવાટ કરતા હતા. ગતરોજ બપોરના સુમારે નંદુબેન પોતાના બહેનના ઘરે પ્રતિક મોલ પાછળ શ્રીમંધર સોસાયટી ખાતે ગયા હતા. ત્યારબાદ બહેનના ઘરેથી નીકળીને મુખ્ય માર્ગ પર નંદુબેન આવી ગયા હતા. ત્યારે સાંજના સુમારે ૬ વાગ્યાના અરસામાં પ્રતિક મોલની સામે વેગન આર કાર નં.જી.જે.૦૧.એચ એસ-૬૫૪૪ ના ચાલકે પોતાની કાર ગફલતભરી રીતે હંકારતા નંદુબેનને અડફેટે લીધા હતા. અકસ્માત સર્જાતા આસપાસના નાગરીકો દોડી આવતા મોટી સંખ્યામાં નાગરીકો એકત્ર થઈ ગયા હતા. વેગનઆર કારની ટકકરથી ઈજા પામેલા નંદુબેનને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તાત્કાલીક ઈજાગ્રસ્ત વૃધ્ધાને ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. જયાં સારવાર દરમિયાન વૃધ્ધા નંદુબેનનું પ્રાણપંખેરુ ઉડી ગયું હતું. પોલીસે મૃતદેહનુ પીએમ કરાવી મૃતકના દિકરાની ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સંસ્કાર ગૃપ દ્વારા શિવરાત્રી નિમિત્તે કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨

મહાશિવરાત્રી તા. ૪-૨-૨૦૧૯ને સોમવારના રોજ સંસ્કાર ગ્રુપ દ્વારા શિવરાત્રી નિમિતે પૂજા અર્ચના તથા ધૂપ-દિપ આરાધના ફરાળ સાથે સેકટર-૭ બગીચો, સુવિધા કચેરી પાસે સવારે ૮.૪૫ થી ૧૦ કલાક દરમિયાન કરવામાં આવશે.




શહેરના મુખ્ય માર્ગ ઘ રોડ પર કલેકટર કચેરી સામેથી ઉમા સમાજ ભવન તરફ સેકટર-૧૨માં જવાના માર્ગ પર ભયજનક હાલતમાં ખુલ્લી ગટર જોવા મળી રહી છે. ટ્રાફિકથી અત્યંત વ્યસ્ત એવા આ માર્ગ પર ખુલ્લી ગટરના કારણે ઉમિયા કેમ્પસના યુવા વિદ્યાર્થીઓ તેમજ ઉમિયા મંદિરે દર્શનાર્થે આવતા વડિલો સહિતના રાહદારીઓ અને વાહનચાલકોના માથે અકસ્માતનો ખતરો બનવા પામેલ છે.

# એલસીબીએ બાઈકચોરને ઝડપી પાડ્યો



એલસીબી પોલીસ મથક ખાતે ફરજ બજાવતા એએસઆઈ હજારીસિંહને બાતમી મળી હતી કે ખ માર્ગથી વાવોલ તરફ જતા રોડની સાઈડ આવેલા ઝાડીઓમાં અમદાવાદના ગીરધનનગરના મહાદેવવાળા વાસમાં રહેતા સંતોષ ઉર્ફે સત્યા દત્તાત્રેય માનેને નંબર વગરના બાઈક સાથે ઝડપી લીધો હતો. આ બાઈક અમદાવાદના સોલા વિસ્તારમાંથી ચોરી થયુ હતુ. બાઈક અંગે પુછતા તેમએ તેણે ૧૦ દિવસ પહેલા ગોતા ખાતે આવેલા સહજાનંદ એસ્ટેટ ખાતે એક હેન્ડીક્રાફટની દુકાન આગળથી ચોર્યુ હોવાનુ કબુલાત કરી હતી. જેને પગલે આરોપીને ૩૦ હજારની કિંમતના બાઈક સાથે ઝડપીને તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મહાશિવરાત્રી નિમિત્તે દિવ્ય શિવ સંદેશ યાત્રા યોજાશે

ગાંધીનગર, તા.૨

મહાશિવરાત્રીના પર્વ પૂર્વે આજે બ્રહ્માકુમારીઝ વિશ્વ વિદ્યાલય દ્વારા સવારે ૮ કલાકે સે-૨ સ્થિત પ્લોટ નં. ૧૫૯૫ ખાતેથી દિવ્ય ભવ્ય શિવ સંદેશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રાની પૂર્ણાહુતી ગાંધીનગરના આંતરિક રસ્તાથી થઈને સે-૫ સ્થિત બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર ખાતે થશે. કેન્દ્ર દ્વારા સર્વે ભાવિક ભકતોને આ યાત્રામાં ભાગ લેવા જણાવાયું છે.

# ગાંધીનગર જિલ્લાના હઠીલા ટીબી રોગના ૧૦ દર્દીઓને મુંબઈની સંસ્થાએ દત્તક લીધા





ગાંધીનગર, તા.૨

ક્ષય રોગ એક મહારોગ છે અને આ રોગ જે દર્દીને લાગુ પડે છે તેનું જીવન અત્યંત કષ્ટદાયક બની જાય છે. આ રોગ કાબુમાં લઈ ગાંધીનગર જિલ્લાને ટીબી મુકત જિલ્લો બનાવા જિલ્લા આરોગ્ય વિભાગના જિલ્લા ક્ષયકેન્દ્ર દ્વારા વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. જિલ્લા ક્ષય કેન્દ્રના ટીબી નાબૂદી અભિયાનમાં વિવિધ વ્યકિતગત અને સંસ્થાકીય સેવાભાવનો સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે. તાજેતરમાં મુંબઈના વીસા શ્રીમાળી મિત્ર મંડળ દ્વારા જિલ્લાના ૧૦ દર્દીઓને દત્તક લઈ તેમની સારવાર ચાલુ રહે ત્યાં સુધી પૌષ્ટિક આહારની કીટ આપવાની જવાબદારી ઉપાડવામાં આવી છે.

ટીબીનો ભોગ બનેલા દર્દીઓએ દવા સાથે પૌષ્ટિક આહાર લેવો અત્યંત જરૂરી હોય છે. જિલ્લામાં ક્ષયના દર્દીઓમાં શ્રમજીવી વર્ગના દર્દીઓ મોટી સંખ્યામાં છે જેમને પૌષ્ટિક આહાર જોઈએ તેટલા પ્રમાણમાં મેળવવો અઘરો હોય છે. આ હકીકતને ધ્યાનમાં રાખીને શ્રી વાસુપૂજય દાદાની ૫૦મી સાલગીરી નિમિત્તે યોજવામાં આવેલા પંચાન્હિકા મહોત્સવ દરમિયાન વીસા શ્રીમાળી મિત્ર મંડળ મુંબઈ દ્વારા ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ૧૦ હઠીલા ટીબી રોગના દર્દીઓને દત્તક લેવામાં આવ્યા છે. આ તમામ દર્દીઓને મંડળ દ્વારા દર માસે રૂ. ૧૧૫૦ની કિંમતની પૌષ્ટિક કરિયાણા કીટ સારવાર ચાલુ રહે ત્યાં સુધી આપવાનો નિર્ધાર કરાયો છે. આ કીટમાં ચણા, ખજૂર, મગ, ગોળ, ગી, ચોખા, મગની દાળ, શીંગ, ખારા ચણા, વગેરેનો સમાવેશ થાય છે. આ નિર્ધાર અંતર્ગત પ્રથમ કીટ મંડળ દ્વારા પહેલી કીટ આજે આપવામાં આવી છે. જેને જિલ્લા ક્ષય અધિકારી ડૉ. એમ.બી. ચૌહાણને સુપરત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા તમામ દર્દીઓને વિના મૂલ્યે સારવાર પુરી પડાય છે તેમજ આર્થિક સહયોગ પણ પુરો પાડવામાં આવે છે.

# આજે સે-૧૨ વસાહત મંડળની રચના માટે જાહેર બેઠક

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના સેકટર-૧૨માં અનેક પ્રકારની પાયાની સમસ્યાઓથી રહીશો ત્રસ્ત છે. આ સમસ્યાઓની અસરકારક રજૂઆત માટે સેકટર-૧૨ના જાગૃત નાગરિકો દ્વારા સે-૧૨ વસાહત મંડળની રચના કરવા પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે જે અંતર્ગત તા. ૩જી માર્ચના રવિવારે સાંજે ૪ કલાકે સ્થાનિક વસાહતીઓની જાહેર બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં સે-૧૨ના સ્થાનિક અને જાગૃત રહીશોને હાજર રહી પોતાના વિચાર રજૂ કરવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# થેલેસેમિયા ચેકઅપ કેમ્પ યોજાયો




ગાંધીનગર, તા.૨

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તથા ગાંધીનગર જિલ્લા શાખા અને ભોળાભાઈ પટેલ કોલેજના સંયુકત ઉપક્રમે કડી કેમ્પસ ખાતે થેલેસેમિયા અને સિકસસેલ પ્રિવેન્શન કંટ્રોલ અને રિસર્ચ પ્રોગ્રામ અંતર્ગત કેમ્પસના કુલ ૨૨૨ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ થેલેસેમિયા ટેસ્ટ કરાવ્યો હતો.

આ પ્રોગ્રામમાં સ્ટેટ બ્રાન્ચના ડૉ. નિલેશભાઈ, રાહુલભાઈ પરમાર, ડાયરેકટર ડૉ. રમાકાન્ત પૃષ્ટી, પ્રો. જહોન મેથ્યુએ સેવા પુરી પડી હતી તથા ગાંધીનગર જિલ્લા બ્રાન્ચના ડૉ. રણછોડ રથવી, અશ્વિનભાઈ દવે અને જીલુભા ધાંધલે સેવા પુરી પાડી હતી.

# શામ-એ-ગઝલ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨

મેરી આવાઝ હી પહચાન હે ઓરકેસ્ટ્રા કલબ દ્વારા તા. ૯ માર્ચના રોજ સાંજે ૫.૩૦ કલાકે શામ-એ-ગઝલ કાર્યક્રમનું આયોજન મનોરંજન મ્યુઝીકલ સ્ટુડીયો, ૧૨૪ સનરાઈઝ આર્કેડ, કુડાસણ ખાતે કરવામાં આવ્યું છે.

# સોમવારે શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની પ્રત્યેક માસની પહેલી તારીખ પછીના સોમવારે મળતી બેઠક તા. ૪થી માર્ચના સોમવારે બપોરે ચાર કલાકે પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને સેકટર-૨૧માં નમન એપાર્ટમેન્ટ ખાતે મળશે.

આજ દિવસે સવારના ૧૦ કલાકે પૂ.પ રવિશંકર મહારાજના સ્ટેચ્યુ ઘ-૫ પાસે તેમના જન્મદિવસ નિમિત્તે સંસ્થા દ્વારા ભેગા થવાનું આયોજન કરાયું છે તો સંસ્થાના તમામ સભ્યો-પદાધિકારીઓએ ઉપસ્થિત રહેવા મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવ્યું છે.

# આઈઆઈટી-જી ખાતે 'મેકર ભવન' બનશે


## ઓવરસીઝ ઈન્ડિયન હાયર એજયુકેશન કોન્કલેવ દરમિયાન યુએસએની કંપની સાથે એમઓયુ સાઈન કરાયું

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના પાલજ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી-આઈઆઈટીજી ખાતે યોજાયેલા ઓવરસીઝ ઈન્ડિયન હાયર એજયુકેશન કોન્કલેવ યોજાયો હતો. આ કોન્કલેવમાં આઈઆઈટી મુંબઈના પૂર્વ વિદ્યાર્થી અને યુએસએની જેમપ્લેકસ ઈન્ટરનેટ કંપનીના સહસંસ્થાપક તથા સીઈઓ ડૉ. હેમંત કનકિઆએ આઈઆઈટી-ગાંધીનગર ખાતે 'મેકર ભવન' બનાવવાનું એમઓયુ સાઈન કર્યું છે.

ટેકનોલોજીના વિદ્યાર્થીઓને નવા સંશોધનાત્મક મોડેલ તૈયાર કરવામાં અત્યાધુનિક ટેકનોલોજી તથા મશીનરી સાથેનું 'મેકર ભવન' ખૂબ જ ઉપયોગી થઈ પડશે. વિદ્યાર્થીઓને તેમના ક્ષેત્રમાં અગ્રેસર રહેવા તેમજ તેમનામાં રહેલી છુપી ક્ષમતા વિકસાવવા વર્ગખંડ તેમજ લેબ વચ્ચે રહેલો પારંપરિક ભેદ દૂર કરવો પડશે તેવું ડૉ. હેમંત કનકિઆએ જણાવ્યું હતું. 'મેકર ભવન'માં વિદ્યાર્થીઓ માટે 'જાતે બનાવો અને શીખો' જેવા અભિગમ આધારિત વિચારો અને જાણકારીના આદાન-પ્રદાન સાથે એવી જગ્યા મળી રહેશે જેમાં તેઓ પ્રયોગાત્મક શિક્ષણ, ડિઝાઈન થિકીંગ, સર્જનાત્મકતા અને સંશોધનના કાર્યો કરી શકશે. 'મેકર ભવન'માં ટીમ વર્કથી માંડીને વ્યકિતગત રીતે કાર્ય થઈ શકશે તેમજ ફેબ્રીકેશન એરિયા, મશીનશોપ, ક્રિએટીવીટી સ્ટુડિઓ અને ઈલેકટ્રોનિકસ લેબ જેવી સુવિધાઓ તથા જરુરી ટુલ્સ અને ઈકિવપમેન્ટસ પણ ઉપલબ્ધ હશે.

# સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીમાં એરો સ્પોર્ટસ અને એડવેન્ચર સ્પોર્ટસ વર્કશોપ યોજાયો



ગાંધીનગર, તા.૨

ગાંધીનગરમાં સેકટર-૧૫ ખાતેની સ્વર્ણિમ સ્પોર્ટસ ગુજરાત યુનિવર્સિટી ખાતે તા. ૨૫મી ફેબ્રુઆરીથી તા. ૧લી માર્ચ દરમિયાન એરો સ્પોર્ટસ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. પાંચ દિવસ ચાલેલા વર્કશોપમાં આશરે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને વિવિધ પ્રકારની એરો સ્પોર્ટસ અને એડવેન્ચર સ્પોર્ટસ અંગે પ્રાયોગિક તેમજ સૈધ્ધાંતિક જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી ખાતે આજની યુવા પેઢીમાં લોકપ્રિય બની રહેલી એડવેન્ચર સ્પોર્ટસ અને એરો સ્પોર્ટસ અંગે યોજાયેલ વર્કશોપમાં પેરા સેઈલીંગ રમતના પ્રેકટિકલ્સે ભારે રોમાંચ જગ્યાવ્યો હતો. વર્કશોપમાં નવી દિલ્હી સ્થિત નેશનલ એડવેન્ચર ફાઉન્ડેશન એનએએફના રાજસ્થાન ચેપ્ટરના નિષ્ણાંતો મગન બિસ્તા અને ડૉ. સુષ્મા બિસ્તા દ્વારા વિદ્યાર્થીઓને એડવેન્ચર સ્પોર્ટસ અને એરો સ્પોર્ટસ અંગેનું પ્રાયોગિક તથા સૈધ્ધાંતિક માર્ગદર્શન અને તાલીમ પુરી પાડવામાં આવી હતી તેવું સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિ.ના મદદનીશ પ્રાધ્યાપક યજુવેન્દ્ર જેઠવાએ જણાવ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. યાદવ પ્રરિલાલ પ્રભુદયાલ, ઉ.વ. ૭૫
- સ્વ. દવે જનાર્દન નંદકુમાર, ઉ.વ. ૭૮
- સ્વ. વાઘેલા જનકબા રાજેન્દ્રસિંહ, ઉ.વ. ૪૬